જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૭/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૩૯૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૯૬ લીટર દેશી દારૂ, ૪૨૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૮ બિયર ટીન, ૨ રિક્ષા, ૨ કાર, ૧ મોટર સાયકલ અને ૩ સ્કૂટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૯,૬૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૯૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૩૯૮/૧૭

**ઇસનપુરઃ** રૂપલબેન દિપકભાઇ ત્રીવેદી (ઉ.વ.૩૪) (રહે. ભગવતી કૃપા સોસાયટી બીવીડી સ્કુલની પાછળ કેનાલ રોડ ઘોડાસર ઇસનપુર) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૭/૧૭ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે રૂપલબહેનના ઘરે સોનાના દાગીના ચમકાવી આપવાના બહાને બે પુરૂષ આવ્યા હતા જેઓએ રૂપલબહેન અને તેમના માતાને વિશ્વાસમાં લઈ યુક્તિ પ્રયુક્તિ કરી છેતરપીંડી કરી સોનાની છ બંગડી કિમત રૂપિયા ૬૨,૦૦૦/- લઈ પલાયન થઈ ગયા હતા. **આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી** સી.ડી.વૈશ્યક **ચલાવે છે.**

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૩૯૯/૧૭

**સોલા હાઈકોર્ટઃ** વિનોદભાઇ ચતુરભાઇ પટેલ (રહે. સંગીની બંગ્લોઝ અવસર પાર્ટી પ્લોટની બાજુમા, થલતેજ સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૭/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૭/૭/૧૭ સવારના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના તથા બે સાહેદ ના મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૨૬,૩૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. **આ ગુનાની તપાસ પોઈ.શ્રી** સી.એલ.સોલંકી **ચલાવે છે.**

ચોરીઃ- સમાચાર યાદી નં.૧૪૦૦/૧૭

**નવરંગપુરાઃ વિ**મલકુમાર કિશોરીલાલ મીના (ઉ.વ.૪૦) (રહે. આયકર વિહાર વેજલપુર) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૭/૧૭ સાંજના ૭/૦૦ વાગે નવરંગપુરા, સી.જી.રોડ ધર્મરાજ જવેલર્સની સામે પોતાની ગાડીના ડ્રાયવરે પાર્ક કરેલ પોતાની કારમાંથી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- તેમજ જરૂરી કાગળો મળી કુલ રૂપિયા ૧,૫૨,૦૦૦/- સાથેની બે બેગ ચોરી કરી લઈ ગઈ છે. **આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી** સી.બી.રાઠોડ **ચલાવે છે.**

દાઝી જતા મૃત્યુઃ સમાચાર યાદી નં.૧૪૦૧/૧૭

**કૃષ્ણનગરઃ** કુવરબા વા/ઓફ રમેશલાલ વાણીયા (ઉ.વ.૮૦) (રહે.રઘુની ચાલી ઠક્કરનગર) તા.૨/૭/૧૭ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે શાક બનાવતી વખતે ગરમ તપેલી શરીર ઉપર પડતા દાઝી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૭/૭/૧૭ નારોજ તેમનું મૃત્યુ નિપજયું હતુ.આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૪૦૨/૧૭

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** સાહિલ હસમુખભાઇ ડાભી (ઉ.વ.૨૨) (રહે. સત્તાધાર વિભાગ-૨ લીલાનગર ખોડીયારનગરની બાજુમા નિકોલ રોડ) એ અગમ્ય કારણસર તા.૭/૭/૧૭ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે એનઆઈ.ડી. પાછળ રેમ્પ નંબર-૩ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી.આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** હિતેશભાઇ લક્ષમણભાઇ આશેટી (ઉ.વ.૧૯) (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ કલાપીનગર મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૭/૭/૧૭ બપોરના ૧૨/૦૦ વાગે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.પી.પટેલચલાવે છે.

**વટવાઃ** શાંન્તાબહેન વા/ઓ કાંતીભાઇ રાણા (ઉ.વ.૮૦) (રહે. પ્રાર્થનાનગર રંગોલીનગર નારોલ) એ અગમ્ય કારણસર તા.૭/૭/૧૭ બપોરના ૪/૦૦ વાગે પોતાના ઘરે સળગી જઈ આત્મહત્યા કરી હતી.આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.